ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૯-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### અમેરિકા સામે બગદાદીનો પડકાર

કયારેક ઈસ્લામિક આતંકવાદનું પ્રતિનિધિત્વ અલકાયદાનો સર્વેસર્વા ઓસામા બિન લાદેન કરતો હતો અને અમેરિકાના હાકેમ બરાક હુસેન ઓબામાએ બહુ જ ચોકસાઈપૂર્વક એનું લોકશન મેળવીને રાતોરાત એનો ઘડોલાડવો કરી નાખ્યો હતો. તે વખતે એક ખાસ પ્રકારની રાહત અનુભવાઈ હતી. પરંતુ આતંકવાદ તો બે મોઢાળા અળસિયા જેવો છે. એના ટુકડા કરવામાં આવે તો પણ એ જીવતો જ રહે છે. ઈરાકમાં અલ બગદાદીના આતંકવાદી સંગઠન 'આઈએસઆઈએસ' ના ઉદયથી વિશ્વ ફરી એક વાર દહેશત અનુભવી રહ્યું છે. ઈરાકની સેના એનો સામનો કરવામાં સફળ થઈ નથી. ઘણાં મહત્ત્વનાં શહેરો પર બગદાદી જેને બાન પકડે છે એનો બરાબર કસ કાઢે છે. એમાં પણ જયારે ઈરાકી સરકારને અને કુર્દ પ્રજાને અમેરિકાએ ખુલ્લી મદદ કરવા માંડી - હવાઈ હુમલા કરી આતંકી થાણાં નષ્ટભ્રષ્ટ કરવા માંડ્યા ત્યારે સ્વાભાવિક રીતે જ ખૂંખાર આતંકી અલ બગદાદીએ અમેરિકાને સદીઓ સુધી યાદ રહી જાય એવો બોધપાઠ આપવાની ક્રૂર અને ધૃણાસ્પદ પદ્ધતિ અપનાવી. બાન પકડેલા બે અમેરિકન પત્રકારોનાં માથા વાઢીને એમનાં તરફડતાં મડદાંનો વીડિયો ઉતારી ઈન્ટરનેટ પર મૂકી દીધા. અમેરિકા જેવી વિશ્વની નંબર વન મહાસત્તા માટે આ કોઈ નાનું સૂનું અપમાન નહોતું. નારંગી રંગના ચોગા પહેરાવી કાળા બુરખામાં છુપાયેલો જલ્લાદ આ લાચાર પત્રકારોનાં ગળાં પર છરી મૂકે છે. એ પહેલાં એ અમેરિકાને ધમકી આપે છે કે જો અમેરિકા અમારા ઉપર હવાઈ હુમલા કરવાનું બંધ નહીં કરે તો અમે હજુ વધુ નાગરિકોની આવી જ બેરહેમી પૂર્વક હત્યા કરીશું. બરાક ઓબામા માટે અમેરિકાના નિર્દોષ નાગરિકોની આવી ક્રૂરતાપૂર્વક કતલ થાય તે ભારે નામોશીભરી ઘટના હતી. એમણે બગદાદીના માથા માટે ત્રીસ અબજ ડૉલરની સોપારી આપી દીધી અને અમેરિકા પોતાના નાગરિકોના અધિકારોનું હનન કરનાર, નિર્દોષ લોકો પર જુલમ કરનાર, સ્ત્રી-બાળકોના હત્યારા એવા કોઈ પણ ચમરબંધીને નહીં જ છોડે, એવી ચીમકી ઉચ્ચારી હોવા છતાં બગદાદીના પેટનું પાણી સુદ્ધાં હાલ્યું નથી. આકાશમાંથી આગ વરસાવતાં અમેરિકી ડ્રોન હજુ સુધી બગદાદીને ટાર્ગેટ બનાવી શક્યા નથી. એકસોવીસ જેટલા હવાઈ હુમલા પછી પણ બગદાદી એકદમ સલામત છે. અમેરિકાએ રઘવાયા થઈને આતંકવાદ સામેની લડાઈમાં યુરોપનાં મિત્ર રાષ્ટ્રોની મદદ માગી તો ત્વરિત પ્રતિસાદ જરૂર મળ્યો. પરંતુ એનો ભોગ બનવું પડ્યું. બગદાદીના કબજામાં આવી પડેલાં બ્રિટીશ નાગરીક ડેવિજ હેનિઝને. બગદાદીના ખૂંખાર જલ્લાદે એનું માથું વાઢીને વીડિયો ઉતાર્યો અને બિંદાસ ધમકી ઉચ્ચારી છે કે ઈંગ્લેન્ડના વડાપ્રધાન કેમરૂને અમેરિકાના પ્રમુખના આતંકવાદીઓ વિરૂદ્ધ સહિયારું અભિયાન ચલાવવાના ઈજનને સાનુકૂળ પ્રતિસાદ પાઠવ્યો, એનો અમે આ રીતે બદલો લઈ રહ્યા છીએ. એણે વધુ એક બ્રિટીસ નાગરિક પણ આઈએસએસાઈના આતંકવાદીઓના કબજામાં હોવાનું જણાવી એનું પણ માથું વાઢી નાખવાની ધમકી આપી છે. ઓબામા વ્હાઈટ હાઉસમાં બેઠાં બેઠાં એમની હવાઈ તાકાત લડાવી રહ્યા છે. અનેક આતંકવાદી થાણા નષ્ટ કરવામાં અમેરિકી હવાઈ દળને સફળતા પણ સાંપડી છે, છતાં અલ બગદાદી હજી એમની ઝપટમાં આવી શક્યો નથી. લાદેનની જેમ બગદાદીનો ખાત્મો કરી નાખવાની પ્રતિજ્ઞા લઈને ઓબામાએ અમેરિકાને વધુ એક આકરી કસોટી તરફ ધકેલ્યું છે. સૌ સમજે છે કે અમેરિકાની રાક્ષસી તાકાત સામે બગદાદી તો ઉંદરડું ગણાય. પરંતુ એણે હજુ લગી ચમક નથી આપી, અને ઊલ્ટાનું એ વધુ ને વધુ છંછેડાઈ રહ્યો છે તે સૂચક છે. જેમ્સ ફોલી અને સ્ટીવન સટલોફ જેવા અમેરિકન પત્રકારોની ક્રૂર હત્યા એ અમેરિકાની તાકાત સામેનો પડકાર છે. એમાં ત્રીજા ડેવિડ હેનિઝ નામના યુરોપિયન નાગરિકના માથાનો ઉમેરો થયો છે. હજી કેટલાં વધુ માથાં રોળાશે તે કળવું મુશ્કેલ છે. અમેરિકામાં ઓબામાના નેતૃત્વ સામે પણ આ એક ઐતિહાસિક પડકાર જ ઓસામા બિન લાદેનને જેર કરતાં અમેરિકાને પૂરાં ૧૦ વરસ લાગેલાં. શું બગદાદીનો ખાત્મો કરતાં પણ અમેરિકા વધુ ૧૦ વરસ લગાડશે?

# સે-૧૧માં ટીસીએસના કર્મચારીઓ ક્રિકેટ ટુર્નામેન્ટ રમ્યા

ગાંધીનગર, તા.૧૪
ગાંધીનગરના સેકટર-૧૧માં ચ-૩ સર્કલ પાસે આવેલ મેદાનમાં ટીસીએસના કર્મચારીઓની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી અનૌપચારિક રીતે કર્મચારીઓએ જાતે યોજેલ આ સ્પર્ધામાં ૪ ટીમોએ ભાગ લીધો હતો.



(તસવીર : સમી રામી)

અગાઉ નરેન્દ્ર મોદી જયારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે માત્ર એક જ એસએમએસ થકી ટાટા નેનોના પ્રોજેકટ ને ગુજરાતમાં ખેંચી લાવ્યા હતા. ગુજરાતમાં આવ્યા પછી ટાટાને અહીંનું વાતાવરણ અને સરકારની પોલીસી એટલી પસંદ આવી કે તેમણે તેમની સોફટવેર કંપની ટીસીએસનું હેડકવાર્ટર પણ ગાંધીનગરમાં ખસેડવાનું નક્કી કરી દીધું હતું. માત્ર ત્રણેક વર્ષના ગાળામાં જ ઈન્ફોસીટીની બાજુમાં ટાટાએ ગરિમા પાર્ક નામે તેનું નવું હેડ કવાર્ટર તૈયાર કરી દીધું છે અને તેની અલગ અલગ શહેરોમાં આવેલી ઓફિસમાંથી કર્મચારીઓને અહીં ટ્રાન્સફર કરવાનું પણ ચાલુ કરી દીધું છે.

અત્યારે લગભગ ૪૦ ટકા કર્મચારીઓ ટ્રાન્સફર કરીને કંપનીએ કામકાજ ધમધોકાર ચાલુ પણ કરી દીધું છે. આ કર્મચારીઓએ અનૌપચારિક રીતે અંદરો અંદર ચાર ક્રિકેટ ટીમ ઉભી કરી હતી. શનિ-રવિમાં સે-૧૧માં આવેલ ચ-૩ સર્કલ પાસેના ગ્રાઉન્ડમાં ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું. આ ટુર્નામેન્ટમાં ટીસીએસના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધા નોટોરિયસ ઈલેવન, જીએનસ રાઈઝર્સ, કોક રોકર્સ અને સ્ટ્રાઈકર્સ ઈલેવન નામની ચાર ટીમો વચ્ચે યોજાઈ હતી. ફાઈનલ મેચ નોટોરિયસ ઈલેવન અને જીએનસી રાઈઝર્સ વચ્ચે રમાઈ હતી જેને જીએનસી રાઈઝર્સે ૬ વિકેટે જીતી લીધી હતી. જીએનસી રાઈઝર્સના કપ્તાન મયંક તિવારી ઉર્ફે મન્ના પ્લેયર ઓફ ધ સિરીઝ બન્યા હતા.






(તસવીર : સમીર રામી)

## બિહારથી રમવા આવેલા મુકબધિર ખેલાડીઓની વિદાય

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ખાતે બિહારથી મૂકબધિર ખેલાડીઓ વિવિધ રમત સ્પર્ધામાં ભાગ લેવા આવ્યા હતા. આ ખેલાડીઓએ નગરની વિદાય લેતા પહેલા આ રીતે સમૂહમાં 'ગુડબાય' કહ્યું હતું.

## સાદરા વિદ્યાપીઠ દ્વારા વિશ્વ સાક્ષરતા સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૪
સાદરા મહાદેવ દેસાઈ શિક્ષણ શારીરિક મહાવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ સાક્ષરતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તે હેતુથી સાદરા વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ સાક્ષરતા સપ્તાહ મનાવવામાં આવ્યો હતો. તા. ૮ થી ૧૪ સપ્ટેમ્બર સુધી સાક્ષરતા સપ્તાહ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા, સુત્ર લેખન અને નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી.

સાક્ષરતા સપ્તાહના શુભારંભમાં પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસભાઈ ઠાકરે કાર્યક્રમને સફળ બનાવવાનો મંત્ર આપ્યો હતો અને પૂર્ણાહુતી પૂર્વ આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ડો. લક્ષ્મણભાઈ સરવૈયાએ વિદ્યાર્થીઓએ કરેલ કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડો. નિરજ સિલાવટ, ડો. ઉદાજી પરમાર અને ડો. અરવિંદભાઈ રામી ઉપસ્થિત રહ્યા હતાં.

# ઈજનેરી, ફાર્મસી કોલેજોમાં ટૂંકમાં જ ફી વધારો ઝીંકાશે

રાજ્યની ઈજનેરી ફાર્મસી અને એમબીએ તેમજ એમવીએ તેમજ એમસીએનો અભ્યાસક્રમ ચલાવતી ખાનગી કોલેજોની ફીમાં ભાવ વધારો તોળાઈ રહ્યો છે જે વાલીઓના સંતાનો ખાનગી કોલેજોમાં અભ્યાસ કરી રહ્યા છે તેમણે તેમના બજેટમાં બાળકોને ભણાવવાના ખર્ચમાં વધારો કરવાની તૈયારી રાખવી પડશે. કારણ કે ટૂંક સમયમાં ગમે ત્યારે વધારાની જાહેરાતનો ડામ તેમના માથે આવે તેવી પ્રબળ શક્યતા છે.

સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરી કોલેજ, ફાર્મસી કોલેજ, એમબીએ અને એમસીએ કોલેજ વગેરેએ નવું ફી માળખુ આવવા માટે ગત જૂન મહિનામાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની ટીમે વિઝિટિંગ કરીને ઈન્સ્પેકશ કર્યું હતું. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથએ જોડાયેલી અજે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ફી વધારો માંગ્યો હતો તેની ચકાસણી કરીને ટિચિંગ સ્ટાફ, લાયબ્રેરી, લેબોરેટરી વગેરે સંદર્ભે વિદ્યાર્થીઓને આપવામાં આવતી સુવિધાઓની ચકાસણી કરવામાં આવી હતી. ગુજરાત ટેકનોલોજીકલ યુનવર્સિટી અને રાજ્ય સરાકરના ટેકનિકલ શિક્ષણ વિભાગે નક્કી કરેલ સુવિધાઓ કોલેજો પાસે છે કે કેમ? તેની ચકાસણી કર્યા બાદ ઈન્સ્પેકશનનો રિપોર્ટ ફીનું માળખુ નક્કી કરતી કમિટિને મોકલી આપવામાં આવ્યો હતો. આ કમિટિ આ ઈન્સ્પેકશન રિપોર્ટનો અભ્યાસ કર્યા બાદ ગમે ત્યારે સેલ્ફ ફાઈનાન્સ ઈજનેરી, ફાર્મસી, એમબીએ અને એમસીએ કોલેજો માટે ગમે ત્યારે ફીનું નવું માળખું જાહેર કરશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મોટાભાગની સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ સેમેસ્ટર દીઠ ફીમાં રૂપિયા ૧૫થી ૨૫ હજાર સુધીનો વધારો માંગ્યો છે. જેથી જો ફી રેગ્યુલેટરી કમિટિ દ્વારા તેનાથી ઓછો ફી વધારો જાહેર કરવામાં આવશે તો કોલેજોના સંચાલકો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી શકશે જેના પગલે આગામી સમયમાં વાલીઓને સેમેસ્ટર દીઠ રૂપિયા ૧૦થી ૧૫ હજારના ફી વધારા માટે તૈયાર રહેવું પડશે.

## હરિની દૃષ્ટિ...




ભાઈ, તું બંદોબસ્ત બરાબર રાખજે, મને મારી બા યાદ આવી ગયા... એટલે બરાબર દેખાતું નથી....!

# ઓઝોન પડની સુરક્ષાનું મિશન વણથંભ્યું છે : વિષય પર જન જાગૃતિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૪
શું તમને ખબર છે તમારા ઘરમાં રહેલ ઈલેકટ્રોનિકસ ઉપકરણો રેફ્રીજરેટર, એરકન્ડીશન, સુગંધીત સ્પ્રે, અગ્નિશામક સાધનો, ઓઝોન પડને નુકશાન કરે છે. ઓઝોન પડની જાળવણી માટે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવશે.

૧૬ સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રિય ઓઝોન પડ જાળવણી દિવસ તરીકે મનાવવામાં આવે છે ત્યારે ઓઝોન પડની જાળવણી નિમિત્તે ૧૬ સપ્ટેમ્બરના દિવસે કાર્યક્રમ યોજાશે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઓઝોન પડની સુરક્ષાનું મિશન વણથંભ્યું છે- વિષય પર જન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવશે.

સે-૧૫ સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે કાર્યક્રમ યોજાશે. જેમાં ઓઝોન પર પ્રેઝન્ટેશન રજુ કરી વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવશે અને ઓઝોન પર ફિલ્મ નિદર્શન કરાવવામાં આવશે. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના અલગ અલગ જૂથ બનાવી ઓઝોન પર ચર્ચા યોજવામાં આવશે. કાર્યક્રમની વધુ વિગત માટે હાર્દિક મકવાણા ૯૪૨૬૪૫૧૧૦૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં ભારતની કઈ મહિલાએ વિશ્વના સાત સર્વોચ્ચ શિખર સર કરી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે?
➜ **પ્રેમલતા અગ્રવાલ (ઝારખંડ, જમશેદપુર)**
૨. ૨૦૧૩માં ભારત, બ્રાઝિલ અને દ. આફ્રિકાનું (ઈબ્સા) મહિલા સંમેલન કયાં યોજયું હતું?
➜ **નવી દિલ્હી**
૩. ૨૦૧૩ જૂન માસમાં ભારતના કયા ધ્રુપદ ગાયકનું નિધન થયું હતું?
➜ **ઉસ્તાદ ઝિયા ફરીદુદ્દીન ડાંગર**
૪. ૨૦૧૩માં અવસાન પામેલ આનંદ શેટ્ટી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?
➜ **દોડવીર**
૫. ૨૦૧૩માં નિધન પામેલા ઋતુપર્ણો ઘોષ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?
➜ **ફિલ્મ નિર્દેશક ક્ષેત્રે**
૬. ૨૦૧૩માં ઉત્તરાખંડની કઈ બે જોડિયા બહેનો એ માઉન્ટ એવરેસ્ટ સર કરી નવો ઈતિહાસ રચ્યો છે?
➜ **તાશી અને નેન્શી**
૭. ૨૦૧૩માં મેજર ધ્યાનચંદ એવોર્ડ કયા ભારતીય ક્રિકેટરને આપવામાં આવ્યો હતો?
➜ **સુનિલ ગાવસ્કર**
૮. ૨૦૧૩માં કઈ મહિલાને મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડનો ખિતાબ આપવામાં આવ્યો હતો?
➜ **નેહલ ભોગાયતા**
૯. ૨૦૧૩માં કેરલ રાજયમાં કયા સ્થળે પ્રથમ રાષ્ટ્રીય સફીંગ અને સ્ટેન્ડ અપ સ્પર્ધા યોજાઈ હતી?
➜ **તિરુવન્તપુરમના કોવલમી બીચ પર**
૧૦. ૨૦૧૩માં બાળાઓની સુરક્ષા અને સલામતી માટે સવર્ણ કન્યા યોજનાની શરૂઆત કયા રાજયમાં કરવામાં આવી છે?
➜ **આંધ્રપ્રદેશ**
૧૧. ૨૦૧૩માં છત્તીસગઢના કયા જિલ્લામાં કોંગ્રેસની પરિવર્તન યાત્રા પર નકલસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો?
➜ **સુકમા જિલ્લો**
૧૨. ૨૦૧૩ જૂન માસમાં વડાપ્રધાન મનમોહનસિંહ કયા રાજયમાંથી સતત પાંચમી વખત રાજયસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા?
➜ **આસામ**
૧૩. ૨૦૧૩માં વૈજ્ઞાનિકોએ કલોનિંગનો ઉપયોગ કરી કયુ રોગ પ્રતિકારક પશુ તૈયાર કર્યું હતું?
➜ **સુવર (ભૂંડ)**
૧૪. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ ૨૦૧૨-૧૩ યોજનાના અમલીકરણ બાબતમાં કયા રાજયે ૨૦૧૩માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે?
➜ **ત્રિપુરા**
૧૫. ૨૦૧૩માં સ્વચ્છ ઉર્જા સંબંધિત ચોથું આંતરરાષ્ટ્રીય સંમેલન કયા યોજાયું હતું?
➜ **નવી દિલ્હી**
૧૬. ૨૦૧૩માં કચ્છના રણના કયા પ્રાણીની ફોટાવાળી ટપાલ ટિકીટ બહાર પાડવામાં આવી છે?
➜ **ઘુડખર (ખચ્ચર ગધેડા)**
૧૭. વર્ષ ૨૦૧૩માં રાજસ્થાનના કયા શહેરમાં નવજાત શિશુને નવજીવન આપતી દિવ્ય મધર મિલ્ક બેંકનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
➜ **ઉદયપુર**
૧૮. ૨૦૧૩માં તમિલનાડુના કુડનકુલમ પાસે કયો પાવર પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે?
➜ **ન્યુક્લિયર પાવર પલાન્ટ**
૧૯. ૨૦૧૩ જૂન માસમાં રાજસ્થાનના કયા હિલ્સને ટાઈગર રિઝર્વ જાહેર કરવામાં આવ્યું છે?
➜ **મુકુંદરા હિલ્સ**
૨૦. ૨૦૧૩માં 'પઢે ચલો, બઢે ચલો' માધ્યમિક શિક્ષા અંતર્ગત નવો નારો કયા રાજયએ આપ્યો છે?
➜ **ઉત્તરપ્રદેશ**

# સજા બાબતે સામાન્ય જાણકારી ભારતીય ફોજદારી સંહિતાની કલમ-૫૩

## મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

હાલમાં વર્તમાનપત્રમાં જેલમાં રહેલ કેદીઓની સજા ઘટાડવા અંગે રોજબરોજ આપણે વાંચીએ છીએ. આ કોલમમાં આપણે મહિલાઓના સ્પર્શતાઓના કાયદાઓની ચર્ચા કરી છે, મહિલાઓના અધિકારોની ચર્ચા કરી તેમજ ભારતીય ફોજદારી ધારામાં કોઈ માણસ અપરાધ કરે એટલે કે ગુનો આચરે તો અપરાધની વ્યાખ્યા અને અપરાધ મુજબ સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ થઈ સામાન્ય જાણકારીની બાબત. સવાલ એ છે કે વ્યકિતને જયારે ગુના સંદર્ભે દોષિત જાહેર કરવામાં આવે ત્યારે તેના વિરૂધ્ધ સજાની સુનવણી કરવામાં આવે છે. જયારે ન્યાયાધિશ સજા જાહેર કરે તે પહેલા જે તે વ્યકિતને પડેલ પુરાવાને આધારે સવાલો પૂછવામાં આવે છે. આ જે સવાલો પુછવામાં આવે છે તે બાબતને ફર્ધર સ્ટેટમેન્ટ- એમ કહેવામાં આવે છે. જે તે વ્યકિતનું વધારાનું નિવેદન લીધા બાદ જે સજા સંભળાવવામાં આવે છે તે બાબતે પણ વ્યકિતને ખુલાસો પૂછવામાં આવે છે.

સજા બાબતે સામાન્ય જાણકારી ભારતીય ફોજદારી સંહિતાની કલમ-૫૩માં આપવામાં આવી છે. થોડા દિવસ પહેલા આપણે સમાચાર મેળવ્યા હતા કે એક વ્યકિતને જે નિઠારીકાંડનો આરોપી છે અને જેની વિરૂધ્ધ અદાલતમાં કેસ ચાલી જતા અદાલતે ફાંસીની સજા ફરમાવેલ છે તે વ્યકિતને જે દિવસે સવારે ૬ કલાકે ફાંસી અપાવાની હતી તેના અડધો કલાક પહેલા જેલ અધિક્ષકને ફાંસી ન આપવા સંદર્ભે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટે જાણ કરી. ગંભીરમાં ગંભીર સજાએ ફાંસીની સજા છે એટલે કે જેને આપણે સજા એ મોત એ રીતે પણ શબ્દ પ્રચલિત છે. ગુનેગારોને જે અલગ અલગ પ્રમાણેની શિક્ષા થાય તેના પ્રકારો નીચે મુજબ છે.

ઉપર ચર્ચા કર્યા મુજબ સૌથી ગંભીર સજા એ ફાંસીની સજા છે. અનેક ચકચારી પ્રકરણોમાં સર્વોચ્ચ અદાલત સુધીની લડત બાદ જયારે ફાંસી એટલે કે મોતની સજા કન્ફર્મ કરવામાં આવે છે ત્યારબાદ રાષ્ટ્રપતિને દયાની અરજી કરવામાં આવે છે. આપણા દેશમાં કાયદાનું અભિગમ છે સુધારણાત્મક એટલે કે રીફોરમેટીવ અભિગમ છે. અપરાધી બાબતમાં એક એવી પ્રકારની પણ સમાજ શાસ્ત્રીઓની અને સમાજ ચિંતકોની એવી માન્યતા છે કે જે ગુનેગાર ગુનો આચરે છે તેમાં સમાજની સ્થિતિ પણ જવાબદાર છે. હમણાં જ એક કિસ્સો આપણે જોયો કે જે દિકરી નાની ઉંમરે સુંદર અભિનયથી એટલે કે બાળકલાકારથી દેશમાં નામના પ્રાપ્ત કરી ત્યારબાદ સૌંદર્ય સ્પર્ધામાં પણ ઈનામો જીતી. આજ દિકરી યુવાનીમાં ડગલા માંડી રહે છે ત્યારે એક સેકસરેકેટમાં પકડાઈ ગઈ. આ દિકરીએ આ પ્રકારની પ્રવૃતિમાં જોડાવા પાછળ પોતાના પરિવારની આર્થિક સમસ્યા પ્રગટ કરી. મનમાં પ્રશ્ન થાય કે માત્ર આર્થિક સમસ્યાને કારણે વ્યકિત ગેરમાર્ગે દોરાય તેવા અનેક કિસ્સાઓ જોવા મળે છે. ખાસ કરીને સ્ત્રીઓનું આ બાબતને લઈને શોષણ થતું જોવા મળે છે. ખેર, આપણે મૂળ બાબત ઉપર આવીએ તો ગુનેગારને જે શિક્ષા કરવામાં આવે તેનો હેતુ એ ગુનેગારે જે ગુનો કર્યો છે તેનો અહેસાસ થાય અને આમ જોઈએ તો હેતુએ ગુનેગારની સુધાર્ણા સંદર્ભેનો છે. આપણી સર્વોચ્ચે અદાલતે પણ શિક્ષા પધ્ધતિ અંગે અનેકવાર અલગ-અલગ ચુકાદાઓમાં મંતવ્યો પ્રસ્તુત કરેલા છે.

જયારે નીચી અદાલતે ગુનેગારને મોતની સજા કરી હોય ત્યારે ઘણા ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે કેટલીક બાબતો સુચિત કરી છે. આપણે ત્યાં જાહેરમાં ફાંસી અપાતી નથી. ભારતીય બંધારણમાં અનુચ્છેદ-૨૧માં જે જોગવાઈઓ છે તેનું ઉલંઘન ન થાય તેથી જાહેરમાં ફાંસી અપાતી નથી. ફાંસી એટલે કે મોતની સજા સંદર્ભેના ચુકાદાઓની આપણે અહીંયા ચર્ચા કરતા નથી. પરંતુ મૃત્યુની સજા વ્યકિતને કયારે ફરમાવવામાં આવે છે તે જાણવું જરૂરી છે.

કોઈપણ વ્યકિતને મૃત્યુદંડ એટલે કે ફાંસીની સજા નીચે દર્શાવેલ અપરાધોમાં કરવામાં જોગવાઈ છે.

૧. ભારત સરકારની સામે યુધ્ધે ચડેલ એટલે કે રાજય વિરોધી ગુનાઓ કે જેની જોગવાઈ ભારતીય ફોજદારી ધારામાં કલમ-૧૨૧માં કરવામાં આવી છે. રાજય વિરોધના ગુનાઓ એટલે કે, ભારત સરકાર સામે લડાઈ કરવી અથવા લડાઈ કરવાની કોશીષ કરવી અથવા લડાઈ કરવા માટે માણસો અને દારૂગોળો એકઠો કરવો.

૨. જે કોઈ વ્યકિત ભારત સરકારના ભૂમિદળ, નૌકાદળ કે હવાઈદળના કોઈ અધિકારી, સૈનિક, નાવિક કે વીમાની હોય બળવો કરવાનું દુષ્પ્રરણ કરે અને તેને પરિણામે જો બળવો થાય તો તેને મોતની અથવા જન્મટીપની અથવા દસ વર્ષ સુધીની સજા થાય.

૩. કોઈ વ્યકિત કોઈ ખોટો પુરાવો ઉભો કરે જેથી કોઈ બીજી નિર્દોષ વ્યકિતને મૃત્યુદંડ મળે તેના માટે પણ મોતની સજાની જોગવાઈ છે.

૪. રોજબરોજના જીવનમાં કલમ-૩૦૨ એટલે કે કોઈ વ્યકિત બીજી વ્યકિતનું ખૂન કરે તો તેને મોતની સજાની જોગવાઈ છે એમ લાગે છે કે આ કલમ લગભગ દરેક વ્યકિતને ખબર છે. ખૂનની વ્યાખ્યા ભારતીય ફોજદારી ધારામાં કલમ-૩૦૦માં આપવામાં આવી છે. હાલમાં આપણે માત્ર કયા કેસોમાં મોતની સજા થાય છે તે માહિતી મેળવી રહયા છીએ.

૫. કોઈપણ સગીર વ્યકિતને આપઘાત માટે ઉશ્કેરણી કરવી અથવા ગાંડી વ્યકિતને આપઘાત માટે ઉશ્કેરણી કરવી.

૬. ખૂન સાથે લૂંટ કરવામાં આવે તો પણ મોતની સજાની જોગવાઈ છે.

૭. આજીવન કેદની વ્યકિતને કોઈ સજા થઈ હોય અને આવી વ્યકિત બીજી કોઈ વ્યકિતનું ખૂન કરવાનો પ્રયત્ન કરે જેના કારણે બીજી વ્યકિતને ગંભીર ઈજાઓ થાય તેવા સંજોગોમાં પણ મોતની સજાની જોગવાઈ છે.

હજુ થોડા સમય પહેલા નિર્ભયાકાંડને કારણે દેશમાં ગંભીર ગુનાઓ અને તે સંદર્ભે સજાની જોગવાઈ એ બાબતે મિડીયાના માધ્યમથી ગુના અને તેની સજા સંદર્ભે એક જાગૃતિનો વાતાવરણ જોવા મળ્યું. જેમ સમાજ ચિંતકોનો એક વિભાગ મોતની સજાનો વિરોધ કરે છે ત્યારે સમાજમાં કેટલાક ક્રિયાશીલ આગેવાનો સમાજમાં બનતી ગંભીર ઘટનાઓ પ્રત્યે પોતાનો આક્રોશ વ્યકત કરે છે. આ પ્રકારના ક્રિયાશીલ આગેવાનો ગંભીર ગુનો આચરનારને દાખલા રૂપ સજા મળે તે પ્રકારની તરફેણ કરે છે. નિર્ભયાકાંડ પછી એક એવી બાબત પણ ચર્ચાના એરણે ચડી કે ખરેખર બાળ ગુનેગારોની ઉંમરમાં પણ ફેરફાર કરવો જોઈએ કે કેમ? એક તરફથી બાળ આરોપી વિરૂધ્ધ કેસની સુનવણી કરવા માટે જયારે અલગ ફોરમની જોગવાઈ છે અને બાળકો ગુનાના સંઘર્ષમાં આવે છે તેને પણ કાયદેસર રીતે ગુનેગાર ગણવામાં આવતો નથી. બાળકો માટે કાયદાના સંઘર્ષમાં આવતું બાળક એવો શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. તાજેતરના નિર્ભયાકાંડમાં એક બાળક પણ સંડાવાયેલો હતો. તે બાબત ખૂબ ચકચારી બની.

મહિલા સંસ્થાઓ, મહિલા ક્રિયાશીલ આગેવાનો, સમાજસેવી સંસ્થાઓ, સમાજના ક્રિયાશીલ લોકો, શિક્ષણવિદ્દો, સમાજ ચિંતકો આ બધાજ લોકોને આપણે પોતાના વિચારો વ્યકત કરતા ટીવીના માધ્યમથી સાંભળ્યા. ખરેખર, જેણે - જેણે વેદના અનુભવી તે વ્યકિતઓનો શું સુર હતો? સજા સંદર્ભેની વિશેષ જોગવાઈઓ સાથે મળીએ આવતા અંકે.